


# 26 નવેમ્બર – ભારતીય બંધારણ દિવસ

તારીખ- 26/11/2025
વાર- બુધવાર

## ❖ પ્રસ્તાવના :-

ભારતીય બંધારણ એ આપણા રાષ્ટ્રનો આધારસ્તંભ છે, જે આપણા દેશના નાગરિકોને અધિકારો , ફરજો અને સ્વતંત્રતાઓ પ્રદાન કરે છે. ૨૬મી નવેમ્બર- જે ભારતીય બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તે આપણા બંધારણના ઘડવૈયાઓના અથાક પ્રયાસો અને આપણા લોકશાહી મૂલ્યોના મહત્વને યાદ કરવાનો દિવસ છે. આ વિશેષ દિવસની ઉજવણી કરવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં બંધારણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેના મહત્વને સમજાવવાનો છે.

## ❖ પ્રવૃતિનો હેતુ :-

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ભારતીય બંધારણના મહત્વ, તેના ઘડતરની પ્રક્રિયા અને તેના **દ્વારા** પ્રસ્થાપિત થયેલા લોકશાહી, સમાનતા, સ્વતંત્રતા જેવા મૂલ્યોથી માહિતગાર કરવાનો હતો. આ પ્રવૃત્તિ **દ્વારા** વિદ્યાર્થીઓમાં નાગરિક તરીકેની જવાબદારીઓ અને અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

## ❖ પ્રવૃતિની વિગત :-

ભારતીય બંધારણ દિવસના ઉજવણીના ભાગરૂપે શાળામાં તા.26/11/2025 ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય નીચે મુજબ રાખવામાં આવેલ હતો.

(1) ભારતીય બંધારણ:એક જીવંત દસ્તાવેજ (2) મારા મૂળભૂત અધિકારો અને ફરજો (3)ડૉ .બી.આર. આંબેડકરનું યોગદાન .આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તે પૈકી પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું .

આ ઉપરાંત ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી ,શાળા સંકુલના પ્રમુખશ્રી તેમજ સમગ્ર ઓ.કે.સી. સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વિજેતા વિદ્યાર્થીના નામ :-

પ્રથમ –**મારવાડી શુભ નતારામ ( 11 E સામાન્ય પ્રવાહ)**

દ્વિતિય – **માછી યોગિતા હીરાભાઈ ( 11 –B વિજ્ઞાન પ્રવાહ)**

તૃતીય – **પંચાલ હેતાંશીહસમુખભાઇ ( 11-E સામાન્ય પ્રવાહ)**

- ❖ પ્રવૃતિ શિક્ષકશ્રીનું નામ :- રસિકભાઈ આર.પટેલ અને સુજીતસિંહ જે.પરમાર
- ❖ પ્રવૃતિના ફોટોગ્રાફ :-











